રાજ્યમાં ૨૪ કલાકમાં વધુ નવા ૧૩૭૨ કેસ

૬,૧૯,૯૬૬ વ્યક્તિઓને ક્વોરોન્ટાઈન કરાઈ : અત્યાર સુધીમાં ૩૩૭૦ લોકોના મૃત્યુ થયા,૧૦૭૭૦૧ લોકો ડિસ્ચાર્જ થયા : કુલ ૮૬ લોકો વેન્ટીલેટર ઉપર છે

રાજ્યમાં ૬૧૯૦૭ કોરોનાના ટેસ્ટ કરાતા ૧૩૭૨ પોઝિટિવ કેસ નોંધાયા છે. આ સાથે રાજ્યમાં કોરોના સંક્રમિતનો કુલ આંકડો ૧૨૭૫૪૧ થયો છે. આજે ૧૫ દર્દીઓના કોરોનાને લીધે મોત થતા કુલ મૃત્યુઆંક ૩૩૭૦ થયો છે. આજે ૧૨૮૯ દર્દીઓ સાજા થતા કુલ ડિસ્ચાર્જનો આંકડો ૧૦૭૭૦૧ થયો છે. રાજ્યમાં આજની સ્થિતિએ ૧૬૪૭૦ એક્ટિવ કેસ છે. જેમાં ૮૬ વેન્ટીલેટર પર ૧૬૩૮૪ સ્ટેબલ છે. રાજ્યમાં સતત પાંચ દિવસથી ૧૪૦૦ને પાર થઈ રહેલ કેસમાં આજે બ્રેક વાગતા રાજ્યમાં કોરોનાના કેસ ૧૪૦૦ની અંદર થયા છે. જેથી તંત્રને નજીવી રાહત મળી છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૩૯૮૬૩૭૦ ટેસ્ટ થયા છે અને સાજા થવાના દર ૮૪.૪૪ટકા થયો છે. આજની સ્થિતિએ કુલ ૬૨૦૩૮૫ કુલ વ્યક્તિઓને ક્વોરોન્ટાઈન કર્યા છે. રાજ્યમાં આજે કોવિડ-૧૯ના લીધે ૧૫ દર્દીના મોત થયા છે. જેમાં અમદાવાદમાં ૩, સુરત જિલ્લામાં ૩ અને શહેરમાં ૧, રાજકોટ શહેરમાં ૨, ભાવનગરમાં શહેર અને જિલ્લામાં ૧-૧, મોરબીમાં ૧ વડોદરા શહેર અને જિલ્લામાં ૧-૧ મોત નોંધાયા છે. અમદાવાદ શહેરમાં ૧૬૦ અને જિલ્લામાં ૨૫ સાથે ૧૮૫ કેસ કોરોનાના આજે નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૩૫૪૮૯ થયો છે. જ્યારે આજે ૩ મોત સાથે કુલ મૃત્યુઆંક ૧૭૯૨ પર પહોંચ્યો છે. સુરત શહેરમાં ૧૮૩ અને જિલ્લામાં ૧૧૧ સાથે કુલ ૨૯૪ કેસ નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૨૬૯૧૪ થયો છે. આજે ૪ દર્દીના મોત થતા મૃત્યુઆંક ૭૪૬ થયો છે. વડોદરા શહેરમાં ૯૩ અને જિલ્લામાં ૪૧ સાથે ૧૩૪ કોરોનાના કેસ નોંધાયા છે. આજે ૩ના મોત થતા કુલ મૃત્યુઆંક ૧૭૨ થયો છે. રાજકોટ શહેરમાં ૧૦૮ અને જિલ્લામાં ૩૩ સાથે ૧૪૧ કેસ નોંધાતા કુલ સંક્રમિતનો આંક ૮૧૭૦ થયો છે. આજે બે મોત સાથે મૃત્યુઆંક ૧૨૭ થયો છે. જામનગર શહેરમાં ૮૪ અને જિલ્લામાં ૧૦ સાથે ૯૪ કેસ નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૫૩૮૭ થયો છે.

ડીસાના ડોક્ટરના ઘરમાંથી ૩.૫૦ લાખ રોકડની ચોરી

કોરોના મહામારી વચ્ચે બનાસકાંઠામાં ચોરતત્વો બેફામ બન્યા હોય તેમ ડીસા શહેરની હોસ્પિટલના ઉપરના માળે રહેતાં ડોક્ટરના ઘરમાંથી ગઠીયો ૩.૫૦ લાખ ચોરી ગયાની ઘટના સામે આવતાં ખળભળાટ મચી ગયો છે. શહેરની આકાશ હોસ્પિટલના ડોક્ટર ત્રીજા માળે પરિવાર સાથે રહે છે. ગત દિવસોએ ડોક્ટરનો કોરોના રીપોર્ટ પોઝિટીવ આવતાં તેમને સારવાર અર્થે અમદાવાદ ખસેડવામાં આવ્યા હતા. જે બાદ તેમને રજા આપ્યા બાદ તેઓ ઘરે આવતાં ચોરી થઈ હોવાનું માલુમ પડતાં તેમને ડીસા ઉત્તર પોલીસ મથકે અજાણ્યા ઈસમ સામે ફરીયાદ દાખલ કરાવી છે.

બનાસકાંઠા જીલ્લાના ડીસા શહેરની આકાશ હોસ્પિટલમાં ડોક્ટર તરીકે તપનભાઈ ગાંધી ફરજ બજાવી અને હોસ્પિટલના ત્રીજા માળે જ પરીવાર સાથે રહે છે. ગત દિવસોએ તપનભાઈનો કોરોના રીપોર્ટ પોઝિટીવ આવતાં તેમને અમદાવાદની સ્ટર્લિંગ હોસ્પિટલમાં ખસેડ્યા બાદ આકાશ હોસ્પિટલ પણ કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કરી હતી. જે બાદ ૪ ઓગસ્ટના રોજ ડોક્ટરને રજા મળતાં તેઓ ૩૦ ઓગસ્ટ સુધી હોમ ક્વોરેન્ટાઈન રહી ૧ સપ્ટેમ્બરથી હોસ્પિટલ જવાનું ચાલુ કર્યુ હતુ. આ દરમ્યાન તેમને ૨૯ સપ્ટેમ્બરના રોજ બેડરૂમમાં રાખેલા ૩.૫૦ મળી ન આવતાં તેમની પત્નિને પુછ્યુ હતુ.

આ દરમ્યાન ડોક્ટરની પત્નિએ જણાવ્યુ હતુ કે, ગત ૨ સપ્ટેમ્બરના બપોરે એકથી બે વાગ્યાની વચ્ચે તેમને બેડરૂમમાં જોતાં કબાટ ખુલ્લું હતુ. જેને લઈ તેમને શંકા જતાં જયેશભાઈ વણઝારાને ફોન કરી બોલાવી સીસીટીવી ચેક કરતાં એક છોકરો સંડાસની બારીના કાચ કાઢી અંદર પ્રવેશ્યો હતો. જોકે પત્નિને કબાટમાં પડેલા પૈસાની જાણ ન હોઈ તેમને ફરીયાદીને વાત કરી ન હોવાનું જણાવ્યુ હતુ.

ધંધા-રોજગાર ઠપ્પ થતા લકઝરી બસ ઓનર એસોશિએશનની ચાર માંગ સ્વિકારવા રજુઆત

કોરોના વૈશ્વિક મહામારીના લીધે મોટા ભાગના ધંધા રોજગાર અને લોકોની હાલત દયનિય બની છે. કોવીડ-૧૯ના કારણે ધાર્મિક યાત્રા, પ્રવાસો, સ્કૂલ પ્રવાસ, ભારત દેશના તમામ ફરવાલાયક સ્થળો દેવ સ્થાનોઓને ગુજરાતમાં છેલ્લા કેટલાક મહિનાથી લોકડાઉનના કારણે બંધ રહ્યા હતા, હજુ પણ લોકો કોરોનાના ડરે ઘરની બહાર પણ નીકળતા નથી. હાલ ઉનાળુ વેકેશન અને લગ્નસરાની સિઝન પણ પુરી થઇ ગઇ હોવાના કારણે અમારો ટ્રાન્સપોર્ટનો ધંધો સદંતર બંધ છે. જેના કારણે અમારા વ્યવસાયને થયેલ માઠી અસર બાબતે આપનું ધ્યાન દોરીએ છીએ તેમજ ધંધો બંધ હોવાના કારણે અમોએ લીધેલ લોનના હપ્તાઓ પણ ભરી શકેલ નથી. અમારા ડ્રાઇવર કંડકટર, ઓફીસ સ્ટાફ અને અમારા પરિવારનું ભરણ પોષણ કરવું ખુબ મૂશ્કેલ હોય ત્યારે અમારી અમુક રજુઆતો અંગે યોગ્ય કરવા વિનંતી સાથે અરવલ્લી જીલ્લા લકઝરી બસ એસોસિએશનના હોદ્દેદારોએ જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું.

અરવલ્લી જીલ્લા લકઝરી બસ ઓનર એસોશિએશનના ભાવેશ જયસ્વાલ સહીત સદસ્યોએ અધીક કલેકટર આર.જે. વલવીને આવેદનપત્ર આપી વિવિધ માંગ કરી હતી જેમાં વાહન ન ચલાવવું હોય તો નોન યુઝ મુકવા માટે જે એડવાન્સ ટેક્સ ભરવો પડતો હોય છે આ પ્રથા નાબૂદ કરી વગર એડવાન્સ ટેક્સ ભરે વાહનને નોન યુઝ તરીકે સ્વીકારવામાં આવે, રોડ ટેક્સમાં એક વર્ષ સુધી રાહત આપવામાં આવે, વાહન પર લીધેલ લોનના હપ્તા લોકડાઉનના કારણે ભરી શક્યા ન હોવાથી હપ્તા ભરવામાં અને વ્યાજમાં રાહત આપવામાં આવે તેમજ વાહનના વિમાની અવધિમાં ૬ મહિનાનું એકટેંશન આપવામાં આવેની માંગ કરી હતી.

અંબાજી પોલીસે નાસતો-ફરતો આરોપી ઝડપ્યો

કોરોના મહામારી વચ્ચે અંબાજી પોલીસે નાસતા ફરતા આરોપીને ઝડપી પાડી જેલના સળીયા પાછળ ધકેલી દીધો છે. અંબાજી પોલીસ મથકે ફસ્ટ ગુ.ર.નં.૧૦/૨૦૧૮ નો આરોપી છેલ્લા કેટલાક સમયથી નાસતો ફરતો હતો. આ દરમ્યાન અંબાજી પોલીસને બાતમી મળી હતી કે, તે આરોપી હાલ કુંભારીયા જોડ ફળી સીમમાં આવેલ છે તેથી પોલીસે તેને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બનાસકાંઠા જીલ્લાની અંબાજી પોલીસે નાસતા ફરતાં આરોપીને ઝડપી પાડ્યો છે. અંબાજી પોલીસે ઈ.પી.કો. ક. ૧૧૮, ૧૯૩, ૧૯૬, ૩૮૪, ૪૧૭, સહિતના ગુનાનો આરોપી રેમાભાઈ સોમાભાઈ પરમાર (આદીવાસી) ઉ.વ.૪૨ ધંધો મજુરી રહે- કુંભારીયા જોડ ફળી તા-દાંતા જી.બનાસકાંઠા ફરાર હતો. આ દરમ્યાન પોલીસે બાતમી આધારે કુંભારીયા જોડ ફળી સીમમાંથી પકડી પાડી આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

મોતીપુરા સર્કલ પાસેથી નાસતો ફરતો શખ્સ પકડાયો

હિંમતનગર, તા. ૨૩

હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નાર્કોટીક્સના ગુનામાં છેલ્લા ત્રણ વર્ષથી નાસતા ફરતાં એક શખ્સને સાબરકાંઠા એસઓજીએ બુધવારે સવારે મોતીપુરા સર્કલ પાસેથી ઝડપી લઈને વધુ તપાસ માટે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનના હવાલે કરાયો છે.

આ અંગે એસઓજીના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ત્રણ વર્ષ અગાઉ રાજસ્થાનના પ્રતાપગઢ જિલ્લાના રાતડીયા ગામના ગોવિંદ માંગીલાલ થોરી વિરૂદ્ધ નાર્કોટીક્સ એક્ટ અંતર્ગત ફરીયાદ નોંધાઈ હતી પરંતુ તે પોલીસના હાથે ઝડપાયો ન હતો.

દરમિયાન એસઓજીને નાસતા ફરતા તથા નાર્કોટીક્સના ગુનામાં સંડોવાયેલા મનાતા ગોવિંદ માંગીલાલ થોરી હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં ફરતો હોવાની બાતમીને આધારે પોલીસે બુધવારે સવારે વોચ ગોઠવીને તેને ઝડપી લીધો હતો ત્યાર બાદ વધુ તપાસ માટે તેને હિંમતનગર ગ્રામ્ય પોલીસને હવાલે કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.

લો...બોલો...કીડીખાઉ તસ્કરી રેકેટની તપાસ કરી રહેલા આરએફઓ પ્રિયંક પટેલની રિવોલ્વર ગુમ થતા ચકચાર, શામળાજી પોલીસને જાણ કરી

શામળાજી, તા. ૨૩

અરવલ્લી વન વિભાગ તંત્રએ રતનપુર ચેકપોસ્ટ નજીકથી સેન્ટ્રો કારમાંથી બે મૃતક કીડીખાઉ સાથે એક શખ્સને ઝડપી લીધો હતો. સેન્ટ્રો કારમાં રહેલા અન્ય બે શખ્સો વનવિભાગની ટીમને ચકમો આપી ફરાર થઈ ગયા. કીડીખાઉની તસ્કરીમાં આંતરરાજ્ય રેકેટ ચાલતું હોવાની સાથે કીડીખાઉને ખરીદનાર ટ્રેડરને ઝડપી પાડવા તપાસનો ધમધમાટ ચાલી રહ્યો છે. વન્યજીવોની તસ્કરીની આંતરાષ્ટ્રીય રેકેટ હોય ગાંધીનગર વનવિભાગના ઉચ્ચ અધિકારીઓ પણ આ તપાસમાં જોતરાયા છે અને અરવલ્લી જીલ્લા વનવિભાગતંત્ર રાજસ્થાન, ઉત્તરાખંડ સહીત સંભવીત સ્થળે તપાસ માટે દોડાદોડી કરી રહી છે ત્યારે શામળાજી આરએફઓ પ્રિયંક પટેલની રિવોલ્વર બે દિવસ પહેલા ગુમ થઈ જતા સંભવિત સ્થળોએ રિવોલ્વર શોધવા દોડધામ કર્યા બાદ ન મળતા આખરે તેમને શામળાજી પોલીસને રિવોલ્વર ગુમ થયાની જાણ કરી હતી.

કીડીખાઉ તસ્કરી ઝડપી પાડનાર શામળાજી વનવિભાગતંત્રના આરએફઓ પ્રિયંક પટેલ તેમની ટીમે આંતરરાષ્ટ્રીય રેકેટનો પર્દાફાશ કરવા અને કીડીખાઉની તસ્કરીમાં સંડોવાયેલ આરોપીની શોધખોળ કરી રહ્યા છે ત્યારે રાજસ્થાનના ખેરવાડા વિસ્તારમાં રિવોલ્વર ગુમ થઈ જતા આરએફઓ ભારે હોફળા ફોફળા બન્યા હતા અને સંભવિત તમામ સ્થળોએ રિવોલ્વર શોધવા દોડધામ કર્યા પછી બે દિવસ બાદ શામળાજી પોલીસ સ્ટેશને સર્વિસ રિવોલ્વર ગુમ થઈ હોવાની લેખિત જાણ કરતા શામળાજી પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

આ અંગે આરએફઓ પ્રિયંક પટેલનો ટેલિફોનિક સંપર્ક કરતા તેમની સર્વિસ રિવોલ્વર ગુમ થયા અંગે સ્વીકારી રહેવા દો આમાં કઈ લખવા જેવું નથી કહી ઘટનાને ઢાંકપિછોડો કરવાનો પ્રયત્ન કર્યો હતો.

ડીસાના ગાયત્રી મંદિર નજીક ફરીવાર ક્રેન તૂટી પડતા અફરા તફરી

ડીસા, તા. ૨૩

ડીસામાં માર્કેટયાર્ડથી બનાસનદીને જોડતા ઓવરબ્રિજનું કામ પુરજોશમાં ચાલી રહ્યું છે જેના પગલે અવારનવાર ટ્રાફિકજામ થવાની ઘટના રોજિંદી બની છે પરંતુ ઓવરબ્રિજની આ કામગીરી દરમિયાન બીજીવાર ક્રેન તૂટી પડવાની ઘટના બનાવ પામી છે.

ડીસામાં બુધવારે ગાયત્રી મંદિર નજીક ના ભરચક વિસ્તારમાં એક મહાકાય ક્રેન ધડાકાભેર તૂટી પડતા ભારે અફરાતફરી મચી હતી અને વાહનોથી ભરચક વિસ્તારમાં ક્રેન તૂટી પડતા લોકોમાં પણ ભય ફેલાઈ જવા પામ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે આ ઓવરબ્રિજનું કામ રચના કન્ટ્રક્શન કંપની દ્વારા કરવામાં આવી રહ્યું છે.

જોકે કન્ટ્રક્શન કંપનીની આ ક્રેન તૂટવાની ઘટના બીજીવાર બનતા અનેક સવાલ ઉભા થયા છે એકજ સ્થળે બીજીવાર ક્રેન તૂટી જતા રચના કન્ટ્રક્શનની મશીનરી પણ આ રીતે તૂટી પડતા અનેક સવાલો ઉભા થયા છે, સદભાગ્યે આસપાસમાં કોઈ વાહન કે રાહદારી પસાર થતા ના હોઈ મોટી દુર્ઘટના કે જાનહાની ટળી જવા પામી છે.

સાબરડેરી સસ્તી છાસનું વેચાણ કરવા કટીબદ્ધ

હિંમતનગર, તા. ૨૩

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના ખેડૂતો પુરક વ્યવસાય તરીકે પશુપાલન સાથે સંકળાયેલા છે ત્યારે બંને જિલ્લાના મળી અંદાજે ૨.૫૦ લાખથી વધુ દૂધ ઉત્પાદકો દરરોજ સાબરડેરીમાં સ્થાનિક મંડળીઓ મારફતે દૂધ વેચે છે. ત્યારબાદ અમુલના માર્કા હેઠળ દૂધની વિવિધ બનાવટો બજારમાં મળે છે. ત્યારે હરીફાઈના યુગમાં ટકી રહેવા માટે સાબડેરી દ્વારા સસ્તી છાસ બજારમાં મુકવાનો નિર્ણય કર્યો છે. જે મુજબ ફક્ત પાંચ રૂપીયામાં પાઉચ પેકીંગમાં ૪૦૦ મી.લી. ગ્રામ છાસનું પાઉચ ગુરૂવારથી બંને જિલ્લામાં વેચાશે.

આ અંગે સાબરડેરીના એમ.ડી. ડૉ. બી.એમ. પટેલના જણાવાયા મુજબ હરીફાઈના યુગમાં ટકી રહેવા માટે રોજબરોજ બંને જિલ્લાની ડેરીઓમાંથી એકત્ર કરવામાં આવતા દૂધનો નિકાલ ફરજીયાત કરવો પડે છે. જોકે મોટાભાગની દૂધની બનાવટો અમુલના માર્કા હેઠળ બજારમાં વેચાય છે. દરમિયાન સાબરડેરીએ દૂધના પાઉચ અને છાસના વેચાણ અંગે સર્વે કર્યા બાદ બંને જિલ્લાની અને ખાસ કરીને ગરીબ પ્રજાને રોજીંદી ઉપયોગમાં આવતી છાસની જરૂરીયાત વધુ રહે છે. ખાસ કરીને ગામડાઓમાં રહેતા લોકો તેનો ઉપયોગ વધુ કરે તે સ્વાભાવિક છે.

બીજી તરફ ખાનગી ડેરીઓ દ્વારા સસ્તા ભાવે છાસ વેચી રહી છે પરંતુ તેની ગુણવત્તા અને આડઅસરો થતી હોવાની અનેક ફરીયાદો ગૃહિણીઓમાં ઉઠવા પામી છે. ત્યારે સાબરડેરી દ્વારા ગુરૂવારથી સાબરના માર્કા હેઠળ પાંચ રૂપીયામાં ૪૦૦ મી.મીલી. ગ્રામનું પાઉચ બજારમાં ઉપલબ્ધ થશે. જેના લીધે આગામી દિવસોમાં ખાનગી ડેરીઓ દ્વારા વેચાતી છાસના વેચાણમાં ઘટાડો આવવાની શક્યતા નકારી શકાતી નથી. ઉલ્લેખનીય છે કે અત્યારે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં પ્રતિદિન લગભગ ૪૦ હજાર લીટર છાસનું વેચાણ થાય છે. જોકે સસ્તી છાસ ઉપલબ્ધ થવાથી ગરીબ પરીવારો મોંઘી શાકભાજીનો ઉપયોગ કર્યા વિના એક ટંકનું અથવા તો બંને ટંક છાસનો ઉપયોગ કરીને પેટ ભરી શકશે.

બાયડ તાલુકાના ચાપલાવત ગામે પશુપાલકોનો હોબાળો

બાયડ, તા. ૨૩

બાયડ તાલુકાના ચાપલાવત ગામે સેક્રેટરી દ્વારા ત્રણ માસથી દૂધ ભરતા પશુપાલકોને પગાર ન ચુકવતા પશુપાલકોએ દૂધ મંડળીને ખંભાતી તાળા માર્યા હતા. ગામડાના લોકો ખેતી અને પશુપાલન પર પોતાનું ઘર ચલાવતા હોય છે તેવામાં તેમને ત્રણ માસથી પગારની વાટ જોતા પશુપાલકોને સેક્રેટરી દ્વારા પગાર ન અપાતા પશુપાલકો સેક્રેટરી સામે રોષે ભરાઈ અને તાળા મારવા મજબુર બન્યા હતા.

ગ્રામજનોએ દૂધ મંડળીને મારેલ ખંભાતી તાળા સાઠંબા પોલીસે ખોલી નાખતા ગ્રામજનોએ સાઠંબા પોલીસ મથકે હોબાળો મચાવ્યો હતો. દૂધ મંડળી પ્રકરણમાં પોલીસની કામગીરી સામે લોકોએ અનેક સવાલો ઉઠાવ્યા હતા. આગામી સમયમાં પશુપાલકોને દૂધના પૈસા તથા નફો નહીં મળે તો ગ્રામજનો ઉપગ્રહ સ્વરૂપ ધારણ કરે તેવી પ્રબળ શક્યતાઓ ઉભી થઈ હતી. ભારે સમજાવટ બાદ મામલો થાળે પડ્યો હતો.

સાબરકાંઠામાં કોરોના પોઝીટીવના સાત કેસ નોંધાયા

હિંમતનગર, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોના પોઝીટીવના નવા સાત કેસ નોંધાયા છે. જેમાં હિંમતનગર, તલોદ અને વડાલીનો સમાવેશ થાય છે. અત્યાર સુધીમાં કોરોના પોઝીટીવનો કુલ આંક ૮૭૧ પહોંચી ગયો છે.

આરોગ્ય વિભાગના જણાવાયા મુજબ બુધવારે જે નવા સાત કેસ નોંધાયા છે તેમાં દરીયાઈ પાર્કમાં ૬૦ વર્ષીય મહિલા, જલારામ મંદિર પાસે રહેતી ૬૦ વર્ષીય મહિલા, ક્રિષધામ સોસાયટીમાં ૪૨ વર્ષીય પુરૂષ, આરટીઓ પાસેના તનીશ્ક બંગ્લોઝમાં રહેતા ૬૮ વર્ષીય મહિલા ઉપરાંત હિંમતનગર તાલુકાના હાજપુર પાસે આવેલ પુરૂષોત્તમનગરમાં રહેતા ૨૮ વર્ષીય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તે ઉપરાંત તલોદ તાલુકાના પુંસરી ગામમાં આવેલ પટેલ ફળીમાં રહેતા ૫૮ વર્ષીય મહિલા અને વડાલીના મહાકાલી મંદિર રોડ પાસે રહેતા ૫૬ વર્ષીય પુરૂષનો કોવિડ-૧૯નો રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ જિલ્લામાં ૨૩ સપ્ટેમ્બર સુધીમાં કોરોના પોઝીટીવના કુલ કેસનો આંક ૮૭૧ થયો છે. જોકે તે પૈકી ૭૭૧ સાજા થયા છે અને હાલ ૯૧ કેસ એક્ટીવ છે તથા અત્યાર સુધીમાં ૯ માનવ જીંદગીઓ કોરોનાને કારણે હોમાઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે ગ્રામ્ય વિસ્તાર કરતા શહેરી વિસ્તારોમાં કોરોનાના સંક્રમણને કારણે નવા કેસ વધી રહ્યા છે.

૧૮ સંક્રમિત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૨ માંથી પણ આજે બે કેસ મળ્યા છે. આઈસીઆઈસીઆઈમાં સિનીયર આસિસ્ટંટ તરીકે ૨૫ વર્ષીય યુવાન અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત એક ૨૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે. શહેરમાં આજે ૧૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં અત્યાર સુધીમાં ૯૬૫ જેટલા દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

કોરોનામુક્ત થયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત નાંદોલ ગામેથી ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

માણસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. આજોલ ગામેથી ૪૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તો અનોડિયામાંથી ૬૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલમાંથી આજે પાંચ કેસ મળી આવ્યા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાંથી બે અને અર્બન વિસ્તારમાંથી ૩ કેસ મળ્યા છે.

કલોલના છત્રાલ ગામેથી ૬૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તો પાનસર ગામેથી ૨૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી ૭૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કલોલ અર્બન-૨ ના વિસ્તારમાંથી ૬૦ વર્ષીય મહિલા અને ૩૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં મહિલા દર્દીઓની સંખ્યા વધતા તંત્રની ચિંતા વધવા પામી છે.

જિલ્લાતંત્રના સૂત્રોએ દાવો કર્યો છે કે ગ્રામીણ વિસ્તારમાં નોંધાયેલા કેસોમાં રિકવરી રેટ ઘણો જ સારો છે. આજે ગ્રામ્ય વિસ્તારના ૨૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આજે નોંધાયેલ દર્દીઓ કરતાં ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓની સંખ્યા વધુ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૭૭૦ દર્દીઓ કોરોના મુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૨૦૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૪,૩૫૮ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

તૂટેલી ફુટપાથ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વરસાદી દિવસોના અંતે હવે માર્ગ મકાન વિભાગ દ્વારા નગરની ફુટપાથ પર ઘાસની સફાઇ કરવાની કામગીરી હાથ ધરી છે. શહેરના તમામ આડા ઉભા માર્ગો પર ફુટપાથ પર ઉગી નિકળેલા ઘાસની સફાઇ કરવામાં આવી રહી છે. નગરના તમામ માર્ગો પર ફુટપાથની સફાઇ કરવામાં આવશે. બીજીતરફ હજુ તુટેલી ફુટપાથનુ સમારકામ બાકી છે. કોર્પોરેશને તોડેલી ફુટપાથની ટાઇલ્સો માર્ગો વચાળે પડેલી પણ જોવા મળે છે. આ સ્થિતિ વચ્ચે વોક વે ની જાળવણીના મામલે પણ જવાબદાર તંત્રએ કામગીરી હાથ ધરવી અનિવાર્ય હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.

૨૭ કેસો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નવા સેક્ટરોમાં ચિકનગુનિયાએ માથુ ઉંચક્યુ છે. જોકે આ વખતે શહેરમાં મેલેરિયા અને ડેન્ગ્યુના કેસો છુટાછવાયા જ નોંધાયા છે. શહેરમાં આ વખતે વરસાદી પાણી ભરાઈ રહેવાની ફરિયાદો પણ ઉઠી છે. તંત્રની ટીમો દ્વારા ૧૩૦૦થી વધુ ખાડા-ખાબોચિયામાં એન્ટી લારવેલની કામગીરી ગત સપ્તાહે જ કરી દેવામાં આવી હતી. શહેરમાં પાંચ વર્ષથી પણ વધારે સમય બાદ ચિકનગુનિયાના કેસોમાં એકાએક ઉછાળો આવ્યો છે.

બિનહરિફ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એક અનૌપચારિક વાતચીતમાં જણાવ્યુ હતુ.

તેમણે જણાવ્યું હતું કે ''મધુર'' બ્રાન્ડના વિતરણ માટે હાલ ૧૨૫ જેટલા તેના પાર્લરો ચાલે છે. ઘણા બધા ગોલ્ડન લક્ષ્યાંકો વિચારણામાં છે તે આગામી દિવસોમાં જાહેર કરવામાં આવશે.

પ્રજામાં વિશ્વાસ અને ગુણવત્તામાં મધુર બ્રાન્ડ લોકભોગ્ય બન્યુ હોવાની વાત કરતાં તેમણે જણાવ્યુ હતુ કે હાલ ડેરી મધુર દૂધ ઉપરાંત ૨૫ જેટલી અન્ય દૂધની બનાવટોનું વેચાણ કરી રહી છે.

ઓર્ગેનિક વેજીટેબલ, મધુર મિનરલ વૉટર અને મધુર મધના વેચાણ પર વધુ લક્ષ્ય આગામી દિવસોમાં અપાશે. કોરોનાના કપરાકાળમાં મધુર ઓર્ગેનિક વેજીટેબલને અમે નગરજનો અને જિલ્લાની પ્રજા સુધી પહોંચાડવામાં સફળ રહ્યા છીએ.

આજે દૈનિક ૩.૫૦ લાખ લીટર દૂધનું વેચાણ કરવામાં આવી રહ્યુ છે. અમારી મિઠાઈઓએ મધ્યમવર્ગને રાહત આપી છે. ૧૭ વર્ષમાં ''મધુર'' બ્રાન્ડને અમે લોકોના વિશ્વાસ અને ગુણવત્તા સાથે પ્રિય બનાવી છે.''

છુપી સ્પર્ધા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થયા હતા પરંતુ તે પહેલાં રાજ્ય સરકારની ભલામણ પ્રમાણે તેમને કેન્દ્ર તરફથી છ મહિનાનું એક્સટેન્શન આપવામાં આવ્યું છે. તેઓ આ પદ પર ફેબ્રુઆરી-૨૦૨૧ સુધી કાર્યરત છે તેથી ચીફ સેક્રેટરીના અનુગામીની પસંદગી તેમની વયનિવૃત્તિના આખરી મહિનાના અંતમાં કરવામાં આવશે.

સચિવાલયના સૂત્રોએ કહ્યું હતું કે આ પહેલાં રાજ્ય સરકારે બે અધિકારીઓને ફાયનાન્સ અને હોમ ડિપાર્ટમેન્ટના પદ પર મૂકવા પડે કે જેઓ ચીફ સેક્રેટરીના દાવેદાર બની શકે. ઉપરથી એટલે કે દિલ્હીથી બીજા કોઈ ઓફિસર ગુજરાતમાં આવીને ચીફ સેક્રેટરી બનવાના ચાન્સિસ પણ એટલા જ છે. જો પંકજકુમાર અને રાજીવકુમાર ગુપ્તાને સાઈડટ્રેક કરવાના થાય તો દિલ્હી ડેપ્યુટેશન પર ગયેલા ગુરૂપ્રસાદ મહાપાત્ર ગુજરાત આવી શકે છે.

સૂત્રો કહે છે કે ઓક્ટોબરમાં ખાલી થનારા હોમ વિભાગના અધિક મુખ્યસચિવના પદ પર હાલના વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્યસચિવ રાજીવકુમાર ગુપ્તા દાવેદાર છે. તેમની જેમ જ મહેસૂલ વિભાગના અધિક મુખ્યસચિવ પંકજકુમાર પણ એટલા જ દાવેદાર છે. ચીફ સેક્રેટરીના પદ માટે આ બન્ને ઓફિસરો વચ્ચે ફરીથી સ્પર્ધાત્મકતા જોવા મળી રહી છે.

સરદાર પટેલ જન્મજયંતિ દિન ૩૧મી ઓક્ટોબરે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના પ્રવાસે આવી રહ્યાં છે. તેઓ અમદાવાદના રિવરફ્રંટથી કેવડિયા સી-પ્લેન મારફતે જવાના છે. આ સમયે તેમની સાથે વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવ રાજીવકુમાર ગુપ્તા જવાના છે તેથી ત્યાં સુધી હોમ ડિપાર્ટમેન્ટનું પદ ભરાશે નહીં પરંતુ કોઈ ઓફિસરને વધારાનો હવાલો ન અપાય તો નવેમ્બરના પ્રથમ સપ્તાહમાં આ પદ પર રાજીવકુમાર ગુપ્તા કે પંકજકુમારની પસંદગી થાય તેવી શક્યતા જોવામાં આવી રહી છે. એવું પણ બને કે રાજીવકુમાર ગુપ્તાને હોમનો હવાલો આપવામાં આવે અને પંકજકુમારને નાણા વિભાગ સોંપવામાં આવે.

સફળ પરીક્ષણ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉપયોગમાં લઈ શકાય છે.હાલમાં તેનો ઉપયોગ ટેક પરથી કરવા માટેના પ્રયોગ ચાલી રહ્યા છે. રાજનાથસિંહે કહ્યું હતું કે, ભારતને ડીઆરડીઓ પર ગર્વ છે.આ પ્રકારની ટેકનોલોજીથી દેશની આયાત પરની નિર્ભરતા ઓછી થશે.

દરમિયાન, અમેરિકાએ ભાર